# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૦૩/૦૩/૨૦૨૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૨૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૫૩ લીટર દેશી દારૂ, ૨૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૭૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૫૭ બિયર ટીન, ૧ કાર, ૧ થાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૬,૨૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૨૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૩૨૫/૨૦૨૫**

**શહેરકોટડાઃ** ગૌતમભાઈ અમૃતલાલ કુચારા (ઉ.વ.૩૬) (રહે.ભુમી પાર્ક સોસાયટી અનીલ સ્ટાર્ચ રોડ) તા.૨૮/૦૨/૨૦૨૫ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે સંજયનગર ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કુટર ઉપર આવેલ બે પુરૂષો ગૌતમભાઈ કુચારાના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૭,૮૦૭/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગૌતમભાઈ કુચારાએ તા.૦૨/૦૩/૨૦૨૫ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.ડી.સરવૈયા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૩૨૬/૨૦૨૫**

**ચાંદખેડાઃ** સૃષ્ટી વા/ઓ રાજકુમાર મહેતા (ઉ.વ.૨૩) (રહે. તેજેન્દ્રનગર વિભાગ–૭ આઈ.ઓ.સી.ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૩/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી પાર્થ પ્રતાપભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી